ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી. એડ. ના તાલીમાર્થીઓના અભિપ્રાયોનો અભ્યાસ

ડૉ. ઊર્મિલા ગામીત
આસિસ્ટન્ટ પ્રોફેસર
એમ. બી. પટેલ કૉલેજ ઓફ એજ્યુકેશન
સરદાર પટેલ યુનિવર્સીટી
વલ્લભ વિદ્યાનગર

ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

**પ્રસ્તાવના :**

સમાજમાં શિક્ષણનો પ્રસાર અને પ્રચાર વધતાં ભણનારાઓની સંખ્યા વધવા લાગી. પરિણામે શિક્ષણ આપનારની સંખ્યા પણ વધવા લાગી, તેથી વધુ શિક્ષકોને તાલીમ આપવાની જરૂરિયાત ઊભી થઈ. ભારતમાં શિક્ષણ - પ્રશિક્ષણની શરૂઆત અંગ્રેજોના આગમન પછી થઈ. ત્યાર બાદ આઝાદી પહેલાં અને આઝાદી પછી શિક્ષણ અંગે બનાવેલ અનેક પંચોએ શિક્ષક – પ્રશિક્ષણ કાર્યક્રમ અંગે મહત્ત્વની ભલામણો કરી છે.

શિક્ષણના વ્યવસાયમાં શિક્ષકનું સ્થાન અગત્યનું છે. કારણ કે શિક્ષણની ગુણવત્તાનો આધાર શિક્ષકના સ્થાન, કૌશલ્ય, અભિરુચિઓ, વલણો, કર્તવ્ય અને પ્રતિબદ્ધતા પર રહેલો છે. આથી શિક્ષકને વ્યવસાયિક દ્રષ્ટિએ સજ્જ કરવા માટે તેના પ્રશિક્ષણની યોગ્ય અને પર્યાપ્ત વ્યવસ્થા દરેક દેશ પોતાના સાધનોની મર્યાદામાં રહીને કરતો હોય છે.

હાલમાં ટૂંકા ગાળામાં શિક્ષકોને તાલીમ આપતી અનેક સ્વનિર્ભર સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. શાળાઓમાં સેવા આપતા શિક્ષકો ભારતના ભાવિ નાગરિકોના ઘડતરમાં મહત્વનું પરિબળ છે. આથી જ શાળાના શિક્ષકો સૂઝવાળા અને વ્યવસાયિક દષ્ટિએ સજ્જ કરવાનું કાર્ય તાલીમી સંસ્થાઓનું છે. આવી સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે તાલીમાંર્થીઓ શું મને છે ? કેવા અભિપ્રાયો ધરાવે છે તેવા ઉદ્દેશ સાથે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું.

**૧.૧ સંશોધનના હેતુઓ :**

પ્રસ્તુત સંશોધનમાં જે હેતુઓ નિર્ધારિત કરવામાં આવ્યા હતા તે નીચે મુજબના હતા.

૧. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે બી. એડ. ના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોનો તુલનાત્મક અભ્યાસ કરવો .

૨. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

૩. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

૪. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે બી.એડ. ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓનો તુલનાત્મક અભ્યાસ કરવો.

**૧.૨ સંશોધનમાં સમાવિષ્ટ ચલો :**

**સંશોધનમાં સમાવેલ ચલો અંગેની માહિતી**

| ક્રમ | ચલ | ચલના પ્રકાર | કક્ષા | સ્તર | માપન માટેનું સાધન |
|---|---|---|---|---|---|
| ૧. | વિસ્તાર | પરિવર્તક ચલ | ૨ | ગ્રામ્ય<br>શહેરી | પ્રાથમિક માહિતીનો ઉપયોગ |
| ૨. | જાતિ | પરિવર્તક ચલ | ૨ | સ્ત્રી<br>પુરુષ | -- |
| ૩. | અભિપ્રાયો | પરતંત્ર ચલ | -- | -- | -- |

**૧.3 સંશોધનની ઉત્કલ્પનાઓ :**

**$Ho_1$** સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**$Ho_2$** સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**$Ho_3$** સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**$Ho_4$** સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બી.એડ. ના તાલીમાર્થીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય.

**૧.૪ વ્યાપવિશ્વ અને નમૂનો :**

મહેસાણા જિલ્લાની સ્વનિર્ભર બી.એડ. કોલેજમાં વર્ષ ૨૦૧૦- ૧૧ માં અભ્યાસ કરતા તાલીમાર્થીઓ પ્રસ્તુત સંશોધનનું વ્યાપ વિશ્વ હતું. આ વ્યાપવિશ્વમાંથી નિદર્શ તરીકે છ કોલેજોમાંથી ૨૦૦ તાલીમાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી.

**૧.૫ ઉપકરણની રચના :**

પ્રસ્તુત સંશોધનમાં નિદર્શ પાસેથી માહિતી એકત્ર કરવા માટે ૩૦ વિધાનો ધરાવતી અને પંચબિંદુ અભિપ્રાયાવલીની રચના કરવામાં આવી હતી. આ અભિપ્રાયાવલીમાં ૧૫ વિધાનો હકારાત્મક અને ૧૫ વિધાનો નકારાત્મક હતા.

**૧.૬ માહિતી એક્ત્રીકરણની પ્રવિધિ :**

નિદર્શ પાસેથી માહિતી એકત્ર કરવા માટે સૌ પ્રથમ નિદર્શમાં સમાવિષ્ટ સ્વનિર્ભર બી.એડ. કૉલેજના પ્રિન્સીપાલની પૂર્વ મંજુરી મેળવી હતી. ત્યાર બાદ કૉલેજમાં જઈને તાલીમાર્થીઓને અભિપ્રાયાવલિ આપી હતી. અભિપ્રાયાવલિના પ્રત્યાચાર કઈ રીતે આપવા તેની સંપૂર્ણ સમજ આપવામાં આવી હતી. અભિપ્રાયાવલિ ભરીને પરત આપવા માટે ૩૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

**૧.૭ પ્રાપ્ત માહિતીનું પૃથક્કરણ :**

પ્રસ્તુત સશોધનમાં આંકડાશાસ્ત્રીય પૃથક્કરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આંકડાશાસ્ત્રીય પૃથક્કરણમાં પ્રત્યેક જૂથ માટે સરાસરી, પ્રમાણિત વિચલન અને ક્રાંતિક ગુણોત્તરની ગણતરી કરવામાં આવી હતી. ત્યાર બાદ જુદી જુદી જાતિ અને વિસ્તાર વચ્ચે સરાસરીના તફાવતની સાર્થકતા t કસોટી દ્વારા ચકાસવામાં આવી હતી.

**૧.૮ ઉત્કલ્પનાઓની ચકાસણી :**

**ઉત્કલ્પનાઓની ચકાસણી અંગેની માહિતી**

| ક્રમ | ઉત્કલ્પના | મૂલ્ય | સાર્થકતા કક્ષા | સ્વીકાર અસ્વીકાર |
|---|---|---|---|---|

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | ૦.૦૦ | ૦.૦૫<br>૦.૦૧ | અસ્વીકાર થતો નથી |
| ૨. | સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | ૦.૦૨૫ | ૦.૦૫<br>૦.૦૧ | અસ્વીકાર થતો નથી |
| ૩. | સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે બી.એડ.ના ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | ૦.૦૨૫ | ૦.૦૫<br>૦.૦૧ | અસ્વીકાર થતો નથી |
| ૪. | સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ વિશે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના બી.એડ. ના તાલીમાર્થીઓના અભિપ્રાયોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નહી હોય. | ૦.૦૧૨ | ૦.૦૫<br>૦.૦૧ | અસ્વીકાર થતો નથી |

**૧.૯ સંશોધનના તારણો :**

પ્રસ્તુત સંશોધનમાં માહિતીના પૃથક્કરણથી નીચે મુજબના તારણો પ્રાપ્ત થયા હતા.

૧. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે બી.એડ.ના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોમાં ભિન્નતા જોવા મળી નહોતી. વળી તાલીમાર્થીઓ સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે હકારાત્મક અભિગમ ધરાવ હતા.

૨. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે શહેરી વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોમાં ભિન્નતા જોવા મળી નહોતી. વળી તાલીમાર્થીઓ સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે હકારાત્મક અભિગમ ધરાવતા હતા.

૩. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે ગ્રામ્ય વિસ્તારના છોકરાઓ અને છોકરીઓના અભિપ્રાયોમાં ભિન્નતા જોવા મળી નહોતી. વળી તાલીમાર્થીઓ સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે હકારાત્મક અભિગમ ધરાવતા હતા.

૪. સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે ગ્રામ્ય અને શહેરી વિસ્તારના તાલીમાર્થીઓના અભિપ્રાયોમાં ભિન્નતા જોવા મળી નહોતી. વળી તાલીમાર્થીઓ સ્વનિર્ભર તાલીમી સંસ્થાઓ અંગે હકારાત્મક અભિગમ ધરાવતા હતા.

**સંદર્ભ સૂચિ :**

૧. દેસાઈ એચ. જી. અને દેસાઈ કે. જી. (૧૯૯૭) સંશોધન પધ્દતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.

૨. શાહ, ડી.બી., (૨૦૦૪) શૈક્ષણિક સંશોધન . (પ્રથમ આવૃત્તિ ) અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ,

ગુજરાત રાજ્ય.

૩. શાહ, ડી.બી., (૨૦૦૪) શૈક્ષણિક ડીઝાઇન. (પ્રથમ આવૃત્તિ ) અમદાવાદ : યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય.